647510 **BA06GujC022B** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# March/April-2025 (NEW COURSE)
# GUJ P22 Gujarati Vyakaran, Sarjan Lekhan Kaushal-6 (Core -22 (New))

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઇપણ એક કાવ્યનો આસ્વાદ કરો. (૧૪)

સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે;
કેસરિયાળો સાફો ઘરનું, ફળિયું લઇને ચાલે.
પાદર બેસી ફફડી ઉઠતી, ઘરચોળાની ભાત;
ડૂંસકે ડૂંસકે હડસેલાતી બાળાપણની વાત.
પૈડું સીંચતા રસ્તો આખો, કોલાહલમાં ખૂંપે;
શૈશવની ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો, દીવડો થરથર કંપે;
ખડકી પાસે ઉભો રહીને, અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે;
કેસરિયાળો સાફો ઘરનું, ફળિયું લઇને ચાલે.

- અનિલ જોશી

અથવા

તારી નજરમાં જયારે અનાદર બની ગયો;
મંઝિલ વગરનો જાણે મુસાફર બની ગયો.
ફૂલોનું સ્વપ્ન આંખમાં આંજ્યાના કારણે;
પાનખરમાં કેટલો હું સુંદર બની ગયો.
કયાં જઇ હવે આ સ્મિતની હળવાશ માણશું ?
હૈયાનો બોજ આંખની ઝરમર બની ગયો.
મુક્તિ મળે છે સાંભળ્યું ચરણોનાં સ્પર્શથી;
રસ્તે હું એ જ કારણે પથ્થર બની ગયો.
મારું મરણ ક્યાં એકલું મારું મરણ હતું ?
સંસાર આંખ મીંચી તો નશ્વર બની ગયો.

- શ્યામ સાધુ

પ્રશ્ન-૨ મધ્યકાલીન સાહિત્યનું સંશોધન-સંપાદનમાં ઊભી થતી સમસ્યાઓ ચર્ચો. (૧૪)

અથવા

પ્રશ્ન-૨ મધ્યકાલીન સંપાદન પ્રવૃત્તિઓની દિશા અને દશાને આલેખો.

પ્રશ્ન-૩ સંધિનું મહત્વની જણાવી, સ્વર સંધિ - વિસર્ગ સંધિ અને વ્યંજન સંધિ વિશે લખો. (૧૪)

અથવા

પ્રશ્ન-૩ જોડણીનું મહત્વ સમજાવી, જોડણી ભેદે અર્થ ભેદની વિગતે ચર્ચા કરો.

પ્રશ્ન-૪ સર્જનાત્મક લેખન અભિવ્યક્તિ વિશે સમજાવી, તેમાં ધ્યાને લેવા જેવી બાબતો જણાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ તમારી કોલેજમાં આયોજિત વાર્ષિક મહોત્સવની ઉજવણીનું પ્રસંગાલેખન કરો.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બે ટૂકનોંધ લખો. (૧૪)

1. સ્વર સંધિનાં પાંચ ઉદાહરણ આપો.
2. સર્જનાત્મક ગદ્યલેખનમાં ધ્યાને રાખવાની બાબતો જણાવો.
3. વ્યંજન સંધિનાં પાંચ ઉદાહરણ આપો.
4. પ્રસંગાલેખનમાં ધ્યાને રાખવા જેવી બાબતો જણાવો.

**************************